ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૮.૭ ડીગ્રી
લઘુતમ : ૧૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૯ ટકા ● સાંજે ૩૧ ટકા

# કોરોનાના દર્દીઓ સિવિલની કામગીરીમાં ઉણપો શોધી રહ્યા છે

ગાંધીનગર, તા.૩૦ વિશ્વભરમાં કોરોના વાયરસે હાહાકાર મચાવ્યો છે. વિશ્વના અનેક દેશોના ૬૫ હજારની નાગરીકો કોરોના વાયરસથી પ્રભાવિત થયા છે. ત્યારે આ વાયરસે ભારતમાં પણ ધીમીગતિએ પગપેસારો કરી દીધો છે. ભારતમાં ૧૧૦૦ થી વધુ કેસ સામે આવ્યા છે ત્યારે ગુજરાતમાં પણ ૬૯ કેસ કોરોનાના નોંધાયા છે ત્યારે ભારતભરમાં લોકડાઉનની સ્થિતિ વચ્ચે પણ સ્થાનિક વહીવટી તંત્ર, આરોગ્ય તંત્ર અને પોલીસ તંત્ર રાત-દિવસ જોયા વિના પોતાની ફરજ જીવના જોખમે બચાવી રહ્યા છે ત્યારે રાજયના પાટનગરમાં પણ કોરોના ૯ કેસ નોંધાયા છે. શહેરના દુબઈથી પરત ફરેલા એક યુવકના કારણે કોરોનાનો ફેલાવો થયો છે. તે યુવક અમદાવાદ સિવિલમાં સારવાર લઈ રહ્યો છે. જયારે અન્ય તેના પરિચિત ૬ સભ્યો આઈસોલેશન વોર્ડમાં સારવાર હેઠળ છે. ત્યારે સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગાંધીનગર સિવિલમાં સારવાર લઈ રહેલા કોરોનાના દર્દીઓ સિવિલને માથે લઈ રહ્યા હોવાનું સુત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે. આવી કપરી પરિસ્થિતિ વચ્ચે આરોગ્ય કર્મચારીઓ કામગીરી કરી રહ્યા છે. ત્યારે સિવિલની કામગીરીમાં ઉણપો કાઢવામાં આવી રહી છે. જેમાં વોર્ડમાં દિવાલ પરની ટાઈલ્સ પણ યોગ્ય લગાવી નથી, ઉખડી ગયેલી છે, બેડની ચાદરો સમયાંતરે બદલાતી હોવા છતા તેમાં પણ એક કલાકે બદલી નાંખવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે. ખાનગી હોસ્પિટલમાં જે પ્રકારની સારવાર અને સુવિધા આપવામાં આવે છે તે પ્રકારની માંગ કરવામાં આવી રહી છે. જેને પગલે સિવિલના કર્મચારીઓ પણ કંટાળી ગયા છે. શહેરના એક નેતા દ્વારા તેમનુ ખાસ ધ્યાન રાખાવમાં આવી રહ્યું છે. તેઓ સિવિલ તંત્રને દિવસમાં બે ત્રણ વાર ફોન કરી જરુરી કેટલીક સુચનાઓ આપતા હોય છે તેવું પણ સિવિલ તંત્રમાં ચર્ચાઈ રહ્યું છે.



લીમડે મોર આવી ગયો છે. વહેલી સવારે નરણાં કોઠે લીમડાના મોરનો રસ પીવો ખૂબ ગુણકારી ગણાય છે. લોકડાઉન વચ્ચે પણ શાકમાર્કેટમાં લીમડાનો મોર વેચાઈ રહ્યો છે.



લોકડાઉનના પગલે ફળો અને શાકભાજીનું વિતરણ સાવ ઓછું થઈ ગયું છે. નાના વેપારીઓ અને ફેરીયાઓને શાકભાજી અને ફળો વેચવા ખૂબ તકલીફ પડી રહી છે. જો કે હાલમાં તડબૂચનું વેચાણ કરતાં વેપારી સેકટરે સેકટરે ફરી રહ્યાં છે.

## સિવિલમાં આવેલ જનઔષધીય દવાનો સ્ટોર બંધ

શહેરમાં નગરજનોને સારી અને સસ્તા ભાવે જેનરીક દવાઓ મળી રહે તેવા ઉમદા હેતુથી જન ઔષધીય સ્ટોર સિવિલ કેમ્પસમાં ખોલવામાં આવ્યો હતો. અત્યારે હાલ લોકડાઉનની સ્થિતિમાં નાગરીકોને દવાની જરુરીયાત પડે છે ત્યારે જન ઔષધીય સ્ટોર ખાતે દવા માટે આવે છે. પરંતુ તંત્ર દ્વારા કોણ જાણે કેમ આ સ્ટોરને ખંભાતી તાળા લાગી ચુક્યા છે. તે ક્યારે ખુલશે તે કોઈને ખબર નથી. ત્યારે શહેરના સિનિયર સિટીજનો દવા માટે સ્ટોરની મુલાકાતે આવે છે પરંતુ બંધ જોઈને નિરાશા સાથે ના છુટકે મોંઘી દવા લઈને પરત ફરે છે.




# રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતની ૫૦ લાખની સહાયની જાહેરાત

## કોરોના સંક્રમણ સામેની દેશ અને રાજ્યની લડાઈમાં સહયોગી થવા રાજ્યપાલશ્રીની પોતાના વિવેકાધીન ફંડમાંથી વડાપ્રધાનશ્રીના અને મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાં રૂ. ૨૫-૨૫ લાખની સહાયની જાહેરાત

ગાંધીનગર, તા.૩૦ ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે કોરોના સંક્રમણ સામેની સમગ્ર દેશની લડાઈમાં સહયોગી થઈને માનવતાના આ કાર્યમાં દેશવાસીઓ વધુને વધુ આગળ આવે તેવી પ્રેરક ભાવના સાથે પોતાના વિવિકાધિન ફંડમાંથી પ્રધાનમંત્રીશ્રીના રાહત ફંડ **PM CARES – Prime minister's Citizen Assistance and Relief in Emergency Situations Fund** માં રૂ. ૨૫ લાખ અને મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાં રૂ. ૨૫ લાખ એમ કુલ મળીને રૂ. ૫૦ લાખની સહાયની જાહેરાત કરી છે.

રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે જણાવ્યું છે કે કોરોનાની મહામારીના સામના માટે સમગ્ર દેશ અને ગુજરાતના નાગરિકોની સેવા અને સહકારની ભાવના અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારની જહેમતના પરીણામે શ્રેષ્ઠ પ્રયાસો થઈ રહ્યા છે. કોરોના સંક્રમણ સામેની સમગ્ર રાષ્ટ્રની આ લડાઈમાં સૌ નાગરિકો ઉદાર હાથે સહયોગ આપી નાગરિક ધર્મ બજાવે તેવી અપીલ પણ આ તકે રાજ્યપાલશ્રીએ કરી છે.



ગુજરાત મેરી ટાઈમ બોર્ડ દ્વારા ૨૫ કરોડ રૂપિયાનો ફાળો મુખ્ય મંત્રી રાહત નિધિમાં કોરોના સામે લડવાના ભંડોળ તરીકે મુખ્યમંત્રી વિજય ભાઈ રૂપાણીને બોર્ડ ના વી.સી અને સી ઈ ઓ મુકેશ કુમારે ગાંધીનગરમાં અર્પણ કર્યો હતો.



મુખ્ય મંત્રી વિજય ભાઈ રૂપાણીએ કોરોના વાયરસ સામે લડવા માટે ના ફંડ અંતર્ગત મુખ્ય મંત્રી રાહત નિધિમાં ફાળો આપવાની કરેલી અપીલને વ્યાપક પ્રતિસાદ સાંપડયો છે. ગુજરાત સરકારના સાહસ જી એસ પી સી ગ્રુપ કંપની દ્વારા ૫૨.૫૦ કરોડ તેમજ જી એસ પી સી કર્મીઓના એક દિવસના વેતનના સ્વૈચ્છિક ફાળા પેટે ૫૫ લાખની દાન રકમના ચેક ઊર્જા અગ્ર સચિવ અને મુખ્ય મંત્રીના અગ્ર સચિવ એમ. કે. દાસે મુખ્ય મંત્રી વિજય ભાઈ રૂપાણી ને અર્પણ કર્યા હતા. જી એસ પી સી ના ૧૦ કરોડ ગુજરાત પેટ્રોનેટ લી. ના ૨૦ કરોડ ગુજરાત ગેસ કંપની ના ૨૦ કરોડ અને સાબરમતી ગેસ લિ ના ૨.૫૦ કરોડ મળી કુલ ૫૨.૫૦ કરોડનું આ દાન ભન્ડોળ મુખ્યમંત્રી રાહત નિધિમાં આપવામાં આવ્યું છે.

# ગાંધીનગરના રિયલ એસ્ટેટ બ્રોકર મિત્ર મંડળે પૂરી-શાક અને મોહનથાળની સેવા પુરી પાડી





ગાંધીનગર, તા. ૩૦ ગાંધીનગરમાં કારોના વાયરસ સંક્રમણની કટોકટીના સમયે ચાલી રહેલા સેવાકાર્યોમાં ગાંધીનગર રિયલ એસ્ટેટ બ્રોકર્સ મિત્ર મંડળ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમિક જરૂરિયાતમંદ પરિવારોને ભોજન સેવા પૂરી પાડવામાં આવી રહી છે. આજે સતત પાંચમાં દિવસે રિયલ એસ્ટેટ બ્રોકર્સ મિત્ર મંડળ દ્વારા શ્રમિકો અને તેમના પરિવારોને પૂરી શાક તથા મોહનથાળનું ભોજન પૂરું પાડવામાં આવ્યું હતું. આજની ભોજન સેવા માટે અશ્વમેઘ ગ્રુપના બાબુભાઈ તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો. આજે શહેરના સેક્ટર-૧૪ અને સેક્ટર-૧૧ માં રહેતા શ્રમજીવી પરિવારોને ભોજન સેવા પૂરી પાડવામાં આવી હતી જેમાં ગાંધીનગર રિયલ એસ્ટેટ બ્રોકર્સ મિત્ર મંડળના સભ્યોએ ઉત્સાહપૂર્વક સેવા પુરી પાડી હતી. આ સેવાકાર્ય દરમિયાન પોલીસકર્મીઓનો પણ મિત્ર મંડળને સારો સહયોગ પ્રાપ્ત થયો હતો. તમામ સ્વયં સેવકોએ પૂરતી કાળજી સાથે ફેસ માસ્ક અને હેન્ડ ગ્લોઝનો ઉપયોગ કરીને સલામત રીતે ભોજન સેવા પુરી પાડી હતી.

# કોરોનાની કટોકટીમાં કેમેરાની ‘કિલક’..!!

સંકલન : સમીર રામી

## ગાંધીનગરના હોમિયોપેથિક ડો. વિજય જોગીની સેનેટાઇઝર સેવા






ગાંધીનગર, તા. ૩૦ કોરોના વાઈરસની મહામારીના પગલે લૉકડાઉનની સ્થિતિમાં ગાંધીનગરના જાણીતા હોમિયોપેથિક તબીબ ડૉ. વિજય એમ. જોગી દ્વારા શહેરમાં ફરજ બજાવી રહેલા પોલિસ કર્મીઓને કોરોના વાઈરસ સંક્રમણથી બચાવવા હેન્ડ સેનેટાઈઝરનું વિતરણ કર્યુ હતું.

ડૉ.વિજય જોગી ગાંધીનગર હોમિયોપેથી એસોસિએશનના પ્રમુખ છે અને શહેરમાં છેલ્લાં ૩૩ વર્ષોથી પ્રેક્ટિસ કરી રહ્યાં છે. તેઓ જ્યારે જ્યારે કોઈ સેવા કેમ્પનું આયોજન કરવાનું હોય ત્યારે હંમેશા તૈયાર જ હોય છે. કોરોના વાઈરસ પહેલા કોહરામ મચાવી ચુકેલા સ્વાઈન ફ્લૂ વખતે તેમણે ૨૨ દિવસ સુધી હોમિયોપેથિક દવાઓનું નિઃશુલ્ક વિતરણ કર્યુ હતુ અને ડેન્ગ્યુ જેવા એપિડેમિક રોગ સમયે પણ તેમણે ૨ મહિના સુધી તેમના સેકટર-૫ના તથા કુડાસણ ખાતેના દવાખાનામાંથી ફ્રી હોમિયોપેથી દવાઓનું વિના મૂલ્યે વિતરણ કર્યુ હતુ. હાલમાં જ તેમણે સેકટર ૨૪માં તેમણે હોમિયોપેથી એસોસિએશન થકી કેમ્પ યોજી ૧ હજાર જેટલાં નાગરિકોને કોરોના વાઈરસ સામે રક્ષણ આપવાની હોમિયોપેથિક દવાઓનું વિતરણ કર્યુ હતુ. આજે જ્યારે કોરોનાનો કહેર ફેલાયો છે ત્યારે ગાંધીનગરના દરેક સર્કલ પર સેવા આપતા ૧૨૦ પોલીસ કર્મીઓને મળીને તેમણે વિના મૂલ્યે હેન્ડ સેનીટાઈઝરનું વિતરણ કર્યું હતું.

## લૉકડાઉનમાં એસ. કે. પટેલ ઈન્સ્ટિટ્યૂટનું ઓનલાઈન એજ્યુકેશન




ગાંધીનગરની એસ. કે. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ એન્ડ મેનેજમેન્ટ (એમબીએ) દ્વારા કોરોના કટોકટીના પગલે લાદવામાં આવેલા લૉકડાઉન દરમ્યાન વિદ્યાર્થીઓનું શિક્ષણ અટકે નહી તે હેતુથી ઓનલાઈન શિક્ષણનો વિકલ્પ અપનાવાયો છે. ઓનલાઈન શિક્ષણ માટે સંસ્થાના ડાયરેક્ટર ડૉ. ભાવિન પંડ્યાના માર્ગદર્શન હેઠળ તમામ ફેકલ્ટીઓ જેમાં ડૉ. સોનુ ગુપ્તા, પ્રો.પર્ણિકા ઝા, ડૉ. પ્રકાશ ચાવલા, ડૉ.રંજની શ્રીનિવાસન, ડૉ. સંધ્યા હરકાવત, ડો. શ્વેતા મહેતા, ડો.જિન્સી મેથ્યુ, ડો.કૃપા મહેતા, પ્રો.કવન રાણા તથા એસ.કે.પી.એમ.સી.એસ.-એમ.બી.એ.ના પ્રીતિ મારવાહ યોગદાન આપી રહ્યાં છે. આ પ્રસંગે ડૉ. ભાવિન પંડ્યા એ તમામ અધ્યાપકોનો ઉત્સાહ વધારતા કહ્યું હતું કે ‘શિક્ષણનું કાર્ય એ છે કે જે વ્યક્તિને સઘનતાથી વિચારવા અને વિવેચકતાથી વિચારવા શીખવે. આપ વિશ્વાસ રાખો કે જીવમા કશું પણ અશક્ય નથી.’



## અબોલ જીવોની સેવાનો નિત્યક્રમ થોડો ચુકાય ??

ગાંધીનગર રાજકીય નગરી હોવા સાથે સંવેદનશીલ સેવાભાવી નાગરિકોનું પણ શહેર છે. અહીં અબોલ જીવોને કોરાક અને પાણી પુરૂ પાડવાની નિયમિત સેવા આપનારાઓની સંખ્યા ઘણી મોટી છે. આવા જ એક સેવાભાવી યુવાન લોકડાઉનની સ્થિતિમાં પણ નિત્યક્રમ મુજબ પક્ષીઓ માટે વિવિધ સ્થળે મુકી રાખેલા માટીના કુંડામાં જળસિંચન કર્યા પછી કૂતરાંઓને બિસ્કિટ ખડાવતા કેમેરાની ક્લિકે ચઢી ગયા હતા.




## શ્રમજીવી અને શ્વાનનું સોશ્યલ ડિસ્ટન્સિંગ..!!

કોરોના વાયરસને નાથવા વડાપ્રધાને ‘‘સોશ્યલ ડિસ્ટન્સિંગ’’ની જડીબુટ્ટી અપનાવવા અનુરોધ કર્યો છે. જો કે જેને ઉપર આભ અને નીચે ધરતી જેવી સ્થિતિ છે તેને તો અબોલ જીવો સાથે ‘‘સોશ્યલ એટેચમેન્ટ’’ વધુ હોય છે, આ તસવીર જ જોઈ લો ને... બપોરની મીઠી નિંદર માણી રહેલા આ શ્રમજીવી અને શ્વાન ‘‘સોશ્યલ ડિસ્ટન્સિંગ’’ના નિયમ હેઠળ સલામત અંતર રાખીને સૂતાં હોવાં છતાં એકબીજા સાથે ‘‘સોશ્યલ એટેચમેન્ટ’’ ધરાવતા નથી લાગતા ??

## સે-૨૫ના નિર્મોહી અખાડા આશ્રમ દ્વારા જરૂરીયાતમંદોને ખિચડી સેવા



ગાંધીનગર, તા. ૩૦ ગાંધીનગરમાં સેકટર-૨૫ ઈલેક્ટ્રોનિક જીઆઈડીસીમાં પાઠ્ય પુસ્તક મંડળના ગોડાઉનની પાછળ આવેલા જોગણી માતાના મંદિર પાસેના નિર્મોહી અખાડા આશ્રમથી છેલ્લા કેટલાક વર્ષોથી દર રવિવારે શહેરના કેટલાક સેવાભાવી યુવા મિત્રોના પ્રયાસથી ખીચડી સેવા ચલાવવામાં આવે છે. જેમાં મસાલા ખીચડી બનાવી તેનું શહેરના ઝુંપડપટ્ટી વિસ્તારોમાં રહેતા જરૂરિયાતમંદ પરિવારોને વિતરણ કરવામાં આવે છે. હાલ શહેરમાં કારોના વાયરસના પગલે સર્જાયેલી લૉકડાઉનની સ્થિતિમાં આ ખીચડી સેવા દરરોજ માટે કાર્યરત કરવામાં આવી છે અને લૉકડાઉનની સ્થિતિને કારણે જેમની આજીવિકા બંધ થઈ ગઈ છે તેવા શ્રમજીવીઓને ખીચડી પૂરી પાડવામાં આવી રહી છે. આજે આ ખિચડી સેવામા શ્રમદાન પુરું પાડવા માટે શહેરના જાણીતા એડવોકેટ અશ્વિન ત્રિવેદી ઉપરાંત કેતન પટેલ, મુકેશ પંડ્યા, વંદનાબેન, મેહાબેન, મોન્ટુભાઈ, પિન્ટુભાઈ સહિત સેવાભાવી સ્વયંસેવકો જોડાયાં હતા. આ સેવા નિર્મોહી અખાડા આશ્રમના મહંત મોહનદાસ બાપુની નિશ્રામાં યોજવામાં આવી રહી છે.